# હેપ્પી બર્થ ડે ગાંધીનગર : થોડા હૈ, થોડે કી જરૂરત હૈ

## પાટનગરના ઉદય સાથે વસેલા વસાહતીઓ તેમજ અહીં ઉછરેલા નવા 'નાગરિકો' જણાવે છે તેમના 'મન કી બાત'

ગાંધીનગરને ૫૪મું બેસવા જઈ રહ્યું છે, અડધી સદી ઉપર વિતાવ્યા પછી આ શહેરને જાણે નવું 'યૌવન' પ્રાપ્ત થયું છે, આ શહેર શાંત અને સળવળાટ વગરનું કહેવાતું હતું તે હવે સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પણ ધબકતું બની ગયું છે જો કે પ્રાકૃતિક સુંદરતાને કારણે ખ્યાતિ પ્રાપ્ત શહેરમાં પણ હવે પર્યાવરણવાદીઓએ વૃક્ષો બચાવવા આંદોલન કરવા પડી રહ્યા છે તેટલી ગતિએ વિકાસ સાધી રહ્યું છે. ગુજરાતના પાટનગરમાં આમ જુઓ તો કોઈ અહીંનું નથી, બધા બહારથી આવીને વસ્યા છે પરંતુ એક આખી પેઢી હવે અહીં જન્મી અને ઉછરી છે એટલું જ નહી પરંતુ શહેરને નવી ઓળખ પ્રદાન કરવામાં પોતાનો સિંહ ફાળો પણ આપી રહી છે. ગાંધીનગરના ૫૪મા સ્થાપના દિનની ઉજવણીના અવસરે આ શહેરના પ્રારંભના વસાહતીઓથી માંડીને અહીં ઉછરેલા નાગરિકોએ શહેર પ્રત્યે બંધાયેલા સ્નેહને સથવારે તેમની 'મન કી બાત' વ્યકત કરી છે.

'મારા શ્વસુર સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ જયારે ૧૯૬૯માં જાહેર બાંધકામ વિભાગના મંત્રી હતા ત્યારે અમે અહીં રહેવા આવ્યા હતા પરંતુ તે સમયે અહીં શહેર નહીં, માત્ર જંગલ જ હતું, ખેતરો હતા, ગમે ત્યારે સાપ નીકળે, રાત્રે તો ઠીક દિવસે પણ બીક લાગતી હતી. જો કે તે સમયે ઘરનું બારણું ખુલ્લું રાખીને સુઈ જાવ તો પણ ચિંતા ના કરવી પડે તેટલું સલામત હતું. આ શહેરે અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે પરંતુ તે માટે અસંખ્ય વૃક્ષોનું નિકંદન નીકળી ગયું છે. આ શહેરની છાપ હવે શાંતિની નથી પરંતુ હા, અહીં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ ખૂબ થાય છે. પરંતુ એક વાતનું દુઃખ છે કે જેના નામ પરથી ગાંધીનગર નામ પડયું છે તેવા ગાંધીજીને અહીં ભૂલી જવાયા છે. ખરેખર તો આ શહેરનો વહીવટ પણ ગાંધીજીની ગરિમા મુજબ સાદો અને સરળ હોવો જોઈએ, ખોટી ઝાકમઝોળ ભરેલો નહીં.'

● ગીરાબેન પટેલ



'પાટનગર પહેલા માત્ર રાજકીય ગતિવિધીનું કેન્દ્ર હતું પરંતુ કોઈ સાંકૃતિક પ્રવૃત્તિઓ થતી નહોતી. જો કે હવે સક્રિય નાગરિકોએ ધીમે ધીમે કરીને પ્રવૃત્તિઓ વિકસાવી છે, હવે અહીં નવરાત્રિથી માંડીને સાહિત્યના પણ ઉત્સવો થાય છે તે સારી બાબત છે. આ શહેરની પ્રવૃત્તિઓમાં નિવૃત્ત કર્મચારીઓની સક્રિયતાનો મોટો ફાળો રહેલો છે. તે માટે હું તેમનો આભારી છું શહેરનો વિકાસ સારો થયો છે પરંતુ સ્થાપના સમયના શાસકો કે આયોજનકારોની જે અપેક્ષા હતી તે મુજબનો નથી થયો. શહેરમાં શિક્ષણ સારું છે પરંતુ ટ્રાફિક તથા પાર્કિંગ બાબતે નાગરિકોએ ખૂબ જાગૃત થવાની જરૂર છે.'

● પોપટલાલ પટેલ, પૂર્વ ધારાસભ્ય



'અહીં શહેર નહીં પરતુ માત્ર ખેતરો અને ઊંચા ઊંચા થોરની વાડો હતી પરંતુ અમારો પ્લાન ગાંધીનગરને ગાર્ડન સીટી તરીકે વિકસાવવાનો હતો. આ શહેરનું આયોજન તેની વસ્તી નિયંત્રિત રહે તે રીતે કરાયું હતું જેથી જયાં સુવિધા શહેરની અને ગ્રામ્યજીવનની મહેંક બંનેનો સંગમ હોય જો કે શહેરમાં અનિયંત્રિત વસ્તી થઈ જતા તેનો મુળ હેતુ જળવાઈ શકયો નથી. ગાંધીનગરમાં અત્યારે પાર્કિંગની સમસ્યા વકરી રહી છે તે માટે હાઈરાઈઝ પાર્કિંગ કોમ્પ્લેક્ષ વિકસાવવા પડશે. આ ઉપરાંત પીવાના શુધ્ધ પાણી અને ડ્રેનેજ સીસ્ટમને પણ સુધારવા સાથે કડક ધારાધોરણ સાથેની ફાયર સેફટીનો ફરજિયાત અમલ થાય તે જરુરી છે.'

● વિષ્ણુભાઈ પી. વ્યાસ
પૂર્વ પ્રમુખ, સિનિયર સિટીઝન કાઉન્સીલ



'ગાંધીનગરમાં અમે રહેવા આવ્યા ત્યારે ઘણી અગવડો હતી, ખરીદી માટે અમદાવાદ જવું પડતું હતું. હવે આ શહેરનો એટલો વિકાસ થયો છે કે કોઈ પણ નાગરિકને શહેરની બહાર જવું પડે તેમ નથી. જો કે આ વિકાસ સાથે હજુ પણ શહેરમાં સ્વચ્છતા બાબતે ઉદાસીનતા જોવા મળે છે અને નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિનો અભાવ છે તે માટે હવે જાગૃત થવું ખૂબ જરુરી છે. શહેરના દરેક સેકટરમાં સરકારી દવાખાના ફરજિયાત હોવા જોઈએ તેમજ શહેરના રંગમંચોને પુનઃ સજીવન કરવાની ખુબ જરુર છે.'

● લતાબેન ચોકસી-પૂર્વ પ્રમુખ જયોતિ મહિલા મંડળ



'ગાંધીનગર શહેરને પ્રદૂષણ મુકત રાખવા તેના મૂળ સ્વરૂપમાં રહેવા દેવું જોઈએ અને શહેરનો વિકાસ તે મૂળ આયોજનની હદમાં રહીને જ થાય તે જરુરી છે. શહેરમાં નવી અઢળક યુનિવર્સિટીઓ વિકસી છે પરંતુ તે પ્રમાણે હોસ્ટેલોની સુવિધા ના વિકસી હોવાથી રહેણાંક વિસ્તારોમાં હોસ્ટેલ્સ બની રહી છે તે યોગ્ય નથી. શહેરમાં વધતા ટ્રાફિક ભારણ મુજબ ટ્રાફિક સિગ્નલ્સ તથા બંધ પડી રહેલા અન્ડરપાસ ચાલુ કરવા જોઈએ. શહેરના ટાઉન પ્લાનિંગમાં ફરેફાર જુના પ્લાનને ધ્યાનમાં રાખીને જ કરવો જોઈએ.'

● અરૂણ બુચ-પ્રમુખ શહેર વસાહત મહામંડળ



'હું આ શહેરમાં ૧૯૭૪થી વસવાટ કરું છું. આ શહેરના વિકાસે હરણફાળ ભરી છે તે નિઃશંક છે. શહેરમાં સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક ઉપરાંત સેવાકીય ક્ષેત્રે પણ સકારાત્મક પ્રવૃત્તિઓ સુવ્યવસ્થિત રીતે ચાલે છે. જો કે શહેરમાં તબીબી સેવાઓ યોગ્ય રીતે વિકાસ પામી શકી નથી તેથી આગામી સમયમાં દર્દીઓને રાહત દરે તબીબી સેવા આપતી હોસ્પિટલ્સ ઉભી થાય તેમજ સુયોગ્ય રીતે આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ થાય તે જરુરી છે.'

● ડૉ. અરૂણ વ્યાસા
શહેરના પ્રથમ તબીબ



'ગાંધીનગર એ રાષ્ટ્રપિતાની સ્મૃતિમાં રચાયેલુ નગર છે ત્યાં ગાંધી વિચારના વિસ્તારની સાથે સાથે ગુજરાતના સ્થાપક રવિશંકર મહારાજના સ્વપ્નનું આ નગર વિકસે તેવી શુભકામના સૌ નગરજનોને આપુ છુ.

આ ઐતિહાસિક નગરના વહીવટના વહીવટમાં મને સેવા કરવાની તક મળી તેનું ગૌરવ છે.'

● એસ.કે. લાંગા, (આઈએએસ),
જિલ્લા કલેક્ટર વ જિલ્લા એકઝી. મેજીસ્ટ્રેટ, ગાંધીનગર



'ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે મારી સેવાઓ આમ તો ગ્રામ્ય વિસ્તાર માટે છે. આ નગરની હરિયાળી એ સૌના મન મોહી લીધા છે. નગરના જન્મદિને નગર જેવો જ હરિયાળો જિલ્લો બનાવવાનો સંકલ્પ કરૂ છુ.'

● હિતેશ કોયા (આઈએએસ),
જિલ્લા વિકાસ અધિકારી, ગાંધીનગર



'સરકારી નગરમાંથી એક જીવંત નગર બનાવવાની તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબની પરિકલ્પનાનું જીવંત નગર બનાવવામાં હજુ કેટલીક કડીઓ ખુટે છે તે સ્માર્ટ સીટી બનાવી અને કડીઓ જોડવાનું કામ મળ્યુ છે તેનો રોમાંચ શબ્દોમાં કહેવો અઘરો છે.'

● એસ.એસ. અમરાણી, (આઈએએસ),
મ્યુનિ. કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા



'હરિયાળું ગાંધીનગર પોતાની જુની કાચા રસ્તાવાળી તસવીરમાંથી પાકા રસ્તામાં અને અલ્પ વિકસિત શૈક્ષણિક સુવિધાઓમાંથી વિકસિત શૈક્ષણિક ઉપરાંત આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય વિકાસ ધરાવતું પાટનગર બની ચુક્યુ છે, ઔદ્યોગિક અને સંશોધનનો વિકાસ પાટનગરને કોર્પોરેટ સાથે જોડી રહ્યો છે. અક્ષરધામ, દાંડીકુટિર શહેરને વૈશ્વિક ખ્યાતિ અપાવી રહ્યાં છે તો કડી કેમ્પસ શૈક્ષણિક નગરીની ઉપાધિ અપાવે છે. ગાંધીનગર હવે આઈટીક્ષેત્રે પણ હબ બન્યું છે અને આ શહેરની સંસ્કૃતિમાં વિવિધતામાં એકતાના દર્શન થઈ રહ્યાં છે.'

● ડૉ. જયેશ તન્ના,
પ્રાધ્યાપક, બીબીએ કોલેજ



'હું ગાંધીનગરમાં ઉછરી છુ અને મારી નજર સામે શહેરનો ખૂબ વિકાસ થતો મેં જોયો છે, અહીં ગીફટસીટીથી માંડીને વાઈ-ફાઈ સુવિધા વિકસી છે પરંતુ હજુ પણ પીવાનું સ્વચ્છ પાણી મળતુ નથી, ક્ષારયુક્ત પાણીના કારણે સ્વસ્થ શહેર હોવા છતાં રોગચાળો ઝડપથી ફેલાય છે. વળી, શહેરમાં એક બ્લડબેંકની તાતી જરૂરિયાત જણાય છે. શહેરમાં વૃક્ષોની સંખ્યા ખૂબ ઘટી ગઈ છે તેથી વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર કરી ઉછેરવા જોઈએ તેમજ ગાંધીનગરમાં સોલાર સીસ્ટમનો હજુ વધારે વિકસાવવાની જરૂર છે.'

● મોસમ રાઠોડ,
સ્વયંસેવક, હેપ્પી યુથ ક્લબ



'હું ગાંધીનગરમાં ૨૦ વર્ષોથી વસવાટ કરૂ છુ અને અહીં પહેલા જે શાંતિ હતી તે હજુ પણ બરકરાર છે. શહેરનો વિકાસ સુયોગ્ય રીતે થઈ રહ્યો છે અને શહેરમાં નાગરિક શિસ્ત વધતી જાય છે. જોકે હજુ પણ ગાંધીનગરના નાગરિકોમાં ટ્રાફિકના નિયમોના પાલન અંગે અને સ્વચ્છતાની જાળવણી અંગે જાગૃતિ વધે તેમજ પબ્લિ ટ્રાન્સપોર્ટનો નાગરિકો વધુ ઉપયોગ કરે તે હિતાવહ છે.'

● ડૉ. મહિપતસિંહ પરમાર,
ઓર્થોપેડિક સર્જન, સે. ૭



'મનો વિજ્ઞાનના મત મુજબ દરેક પ્રજાના મનોવલણો શહેરના ઈતિહાસ મુજબ સૂક્ષ્મરીતે ઘડાતા હોય છે, જે શહેરનો ઈતિહાસ જ ન હોય તેના શહેરીજનોના મનોવલણ એક ખાસ અભ્યાસ માંગી લે છે. ગાંધીનગરમાં થતી વિવિધ પ્રવૃત્તિઓમાં હજુ વધુ ઊંડાણ લાવવાની જરૂર છે, સિનિયર્સ પોતાના મુડમાંથી બહાર આવતા નથી. ગાંધીનગરની યંગ જનરેશનને જો મુંબઈ, સુરત, રાજકોટ કે વડોદરાની જેમ વધુ ને વધુ તક આપવામાં આવે તો રચનાત્મકતા નિખરી શકે છે. સાંપ્રત સમસ્યાઓ વિષયક ખુલ્લી ચર્ચાઓ, શાસ્ત્રીય સંગીતના ચોક્કસ રાગ વિષયક કાર્યક્રમ, ચિત્રકળા વિષયે વર્કશોપ, વાર્તા-કવિતા વાંચન-પઠન વગેરે પ્રવૃત્તિઓ વધુ થાય તે ઈચ્છનીય છે.'

● રૂદ્રિ શુકલ 'રિયાઝ', યુવા કવયિત્રી

# નગરનો વિકાસ સ્માર્ટ સીટીની પેટર્ન મુજબ થાય તે અનિવાર્ય

**વિકાસની સાથે સ્થાનિકોમાં પ્રવર્તેલા અસંતોષ અંગે પણ વિચાર વિમર્શ થાય તે અનિવાર્ય : મહામંડળ : સેકટરોની આગવી ઓળખ સમા રંગમંચનો ઇતિહાસ ચકાસ્યા વિના જ તગડુ ભાડુ નિયત કરી દેવાયુ : રંગમંચ નિર્માણ બાદ બાલવાડી , સિવણવર્ગ, ઇનડોર ગેમ્સ સહીતની પ્રવૃતિઓને પ્રોત્સાહીત કરવામાં આવતી હતી : રંગમંચમાં વાંચન પ્રવૃતિ પણ થતી હતી :૨૧ જેટલા અખબારો પણ આવતા હતા**

### શહેરમાં ત્રણ પ્રકારના બસ સ્ટેન્ડ...!!

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં હજુ એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની યોજના સાકાર થઈ નથી જયારે એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે પણ મીંડુ છે. બસસેવાના રૂટ પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. આવા સંજોગોમાં શહેરમાં અમુક બસ સ્ટેન્ડ નવા બનાવાયા છે.જયારે કેટલાક ઠેકાણે હજુ જુના બસ સ્ટેન્ડ છે. બસ સ્ટેન્ડમાં પણ એક પેટર્ન જળવાતી નથી.

### ફુટપાથ નિર્માણના અંતે રીક્ષા બહાર સ્ટેન્ડ અંદર ..!!

શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ફુટપાથની યોગ્ય જાળવણી થતી નથી. જયારે વોક વે પર બાઈક સહીતના વાહનો પણ દોડાવાય છે. જયારે શહેરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવાયા નથી. પરંતુ રીક્ષા સ્ટેન્ડ માટે નિયત જગ્યાના આડે પણ ફુટપાથ બનાવી દેવામાં આવી છે. જેનાલીધે કેટલાક ઠેકાણે ફુટપાથમાં ગાબડા પાડીને રીક્ષા સ્ટેન્ડ પર પાર્ક કરવામાં આવે છે. એકબાજુ વાહનો પણ ફુટપાથ પર દોડતા નજરે પડે છે .તો સોસાયટીમાં પ્રવેશવા માટે શોર્ટકટ કરવા ફુટપાથ તોડવામાં આવી છે.

### મેટ્રોટ્રેઇન રૂટમાં નથી પણ પતરા હજુ યથાવત..!!

ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રોટ્રેઈન દોડાવવા માટે આયોજન કરાયુ હતુ. જયારે આ અન્વયે સોઈલ ટેસ્ટીંગથી માંડીને સઘળી કામગીરી પણ યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. સોઈલ ટેસ્ટીંગ , ડ્રીલીંગ તેમજ મેનેટેનન્સ માટે ડેપો તૈયાર કરવા માટે પણ આયોજન કરાયુ હતુ . પરંતુ હજુ સુધી પ્રાકૃતિક ઉદ્યાનની દીવાલથી ચ-0 સર્કલ થી બહોરા સ્ટુડીયો તરફના રૂટમાં મેટ્રોના પતરા હટાવાયા નથી.

### લારી ગલ્લા ચાલકોને હોકર્સ લાયસન્સ અપાતા નથી..

શહેરમાં વારંવાર દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં છાશવારે અડીંગો જમાવી બેસાત દબાણકર્તાઓના લીધે તંત્રનો સમય અને મેનપાવર દબાણ હટાવ માટે ઉપયોગમાં લેવાય છે. પરંતુ નગરમાં નાના મોટા વેપાર થકી પેટીયુ રળતા લારી ગલ્લા ચાલકોને હોકર્સ લાયસન્સ આપવાની યોજના સંદર્ભે કોઇ આયોજન થતુ નથી. વખતોવખત નાટકીય દબાણ ઝુંબેશ હાથ ધરાય છે.

### ફુટપાથ પાછળ કરોડોનો ખર્ચ પાર્કીંગ વ્યવસ્થાના નામે મીંડુ...

શહેરમાં મુખ્યમાર્ગો સહીત સેકટરોના સર્વિસ રોડ આસપાસ પણ ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ફુટપાથ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ નગરના કોર્મશિયલ કોમ્લેક્ષો આસપાસ પાર્કીંગ વ્યવસ્થા નથી. જેના પરિણામે સર્વિસ રોડ તેમજ કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. નગરની સરકારી કચેરીઓ આસપાસ પણ પાર્કીંગ સેન્સ જળવાતી નથી.



ગાંધીનગર તા ૧

શહેરનો વિકાસ સ્માર્ટ સીટીની પેટર્ન મુજબ થાય તે અનિવાર્ય છે. નગરમાં હાલ હરિયાળીનુ નિકંદન વળી રહયુ છે. પાર્કીંગની સમસ્યા સળગતી છે. બસ સ્ટેન્ડ તેમજ સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા પણ સ્માર્ટ સીટીને અનુરૂપ નથી. જયારે દબાણની સમસ્યાને મુળમાંથી દુર કરવા માટે હોકર્સ લાયસન્સ આપવા માટે પણ કોઈ પગલા લેવાતા નથી. સેકટરોના રંગમંચો પણ કંગાળ હાલતમાં છે.

ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં નિર્માણ કરાયેલા રંગમંચોનો મુળભુત આશય વિસરાઈ ગયો છે. એક જમાનામાં રંગમંચમાં ટેબલ ટેનિસ, કેરમ, જેવી ઈનડોર ગેમ્સને પ્રોત્સાહિત કરવામાં આવતી હતી રંગમંચમાં વિવિધ ૨૧ પ્રકારના ન્યુઝપેપર પણ આવતા હતા. પરંતુ ધીરે ધીરે રંગમંચનો કન્સેપ્ટજ મરી ગયો છે. રંગમંચો કોર્પોરેશનને હસ્તક કરતા પુર્વે સરકારે નિયમો નક્કી કરવા જોઈએ તે વાત પણ ધ્યાને લેવાતી નથી.આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ સે-૧૬ માં પ્રાથમિક શાળાના ઓટલે વર્ષ ૧૯૭૦ માં પ્રથમ નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ તે વખતના રાજયપાલના સલાહકાર સતારાવાલાના સહયોગથી સે-૧૬ માં પ્રથમ રંગમંચનુ નિર્માણ થયુ રંગમંચ નિર્માણના અંતે ઈનડોર ગેમ્સ વાંચન , સિવણવર્ગ , બાલમંદિર સહીત સ્થાનિક કલાકારોને સ્ટેજ પુરુ પાડવાની ઉમદા પ્રવૃતિ પણ રંગમંચના માધ્યમથી હાથ ધરાઈ હતી. સેકટરોમાં રંગમંચના નિર્માણ બાદ સમય જતા જાળવણીના અભાવે ખંડેર બનતા રંગમંચોના રીનોવેશનનુ કામ પણ હાથ ધરાયુ . માર્ગ મકાન વિભાગ હસ્તકના રંગમંચો પૈકી કેટલાક કોર્પોરેશનને સુપ્રત કરાયા. અગાઉ રૂ ૧ માં રંગમંચ, રૂ ૫૧ માં એસ ટી સી, રૂ ૨૫૦ માં ટાઉનહોલ અને રૂ ૫૧ માં આંબેડકર હોલ ભાડેથી ઉપલબ્ધ થતો હતો. જયારે આજે રંગમંચના રીનોવેશનના અંતે રૂ ૧૦ હજારનુ તગડુ ભાડુ વસુલવામાં આવે છે. જયોર હાલ મોટાભાગના રંગમંચો પણ બિસ્માર કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. મહાનગરપાલિકાએ ટેક્ષ વસુલીને રંગમંચનુ ભાડુ વધારીને પણ આમ નાગરિકો માટે મુંઝવણ ઉભી કરી છે. રંગમંચની રચના માટે જવાબદાર સનદી અધિકારીઓ પણ ભુલાઈ ગયા છે. જયારે ગાંધીનગર માટે ભોગ આપનાર, સ્વતંત્ર સેનાનીઓ નામી અનામી અનેક વ્યક્તિઓ અને નેતાઓ પણ વિસરાઈ ગયા છે. રંગમંચના ભાડાના દર નિયત કરવા માટે તેમજ નામકરણ પણ યોગ્ય થાય તે અનિવાર્ય છે. સ્માર્ટ સીટીની પેટર્ન મુજબ નવા કામો હાથ ધરાય અને વિકાસની રૂપરેખા તૈયાર થાય તે પણ અનિવાર્ય છે. શહેરમાં રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત થઈ નથી. ફુટપાથ પાર્કીંગ પ્લેસ માટે આડશ બની છે. શિક્ષણ હબ બનતા ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધા પુરતી નથી. શહેરમાં સ્ટ્રીટ લાઈટના ચાર પ્રકારના પોલ્સ પણ અજીબો ગરીબ સ્થિતિ છે. રસ્તા પહોળા કરવા માટે વૃક્ષોનુ નિકંદન વળે છે. સેકટરવાસીઓને પુરતી બસ સુવિધા પણ મળતી નથી. ત્યારે ખાનગી વાહનો નિયમો નેવે મુકીને બેફામ દોડતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. હાઈટેક બનતા ગાંધીનગરમાં વિકાસના નવા આયામો વચ્ચે સ્માર્ટ સીટી તરફ આગળ વધતા નગરમાં સ્થાનિકોમાં પ્રવર્તેલા અસંતોષની લાગણી અંગે પણ સત્તાધીશોએ સંશોધન કરવુ અનિવાર્ય હોવાનુ પણ મહામંડળના પ્રમુખે જણાંવ્યુ છે.

# વરસાદ ખેંચાતા શહેરમાં વર્તાતો અસહ્ય ઉકળાટ

**છેલ્લા એક અઠવાડિયાથી સતત ઉઘાડ રહેતા ઉકળાટ વધ્યો**

ગાંધીનગર, તા.૧

આ વર્ષે હજુ સુધી ગાંધીનગરમાં જોઈએ તેવો વરસાદ પડયો નથી ત્યાં છેલ્લા એક અઠવાડિયાથી ઉઘાડ નીકળતા ઉકળાટ વધ્યો છે. ભેજનું પ્રમાણ ઉંચું રહેતા વસાહતીઓ બફારાથી કંટાળી ગયા છે.

આ વર્ષે દેશમાં ચોમાસુ વહેલુ બેઠું હોવા છતાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસાદ ઓછો પડયો છે. જુલાઈ માસના અંતે માંડ એકાદ-બે વખત સારો કહી શકાય તેવો વરસાદ પડયો હતો. છેલ્લા એક અઠવાડિયાથી તો વરસાદ જાણે સાવ ગાયબ થઈ ગયો છે. ઉઘાડ નીકળવા સાથે ગરમીમાં પણ વધારો થયો છે. દિવસ દરમિયાન સારો એવો બફારો અનુભવાય છે. ભેજનું પ્રમાણ ઉચું રહેતા ઉકળાટ વધતા પરસેવાના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થયા છે.

વસાહતીઓ બફારાના કારણે હેરાન પરેશાન થઈ રહ્યા છે તો ખેડૂત પાકની ચિંતા કરી રહ્યા છે. જુલાઈ માસના અંતિમ દિવસોમાં પડેલા વરસાદ બાદ ખેડૂતોએ વાવેતર કરી દીધું છે. હવે વરસાદ ખેંચાતા ખેડૂતો આતુરતાપૂર્વક વરસાદની રાહ જોઈ રહ્યા છે. વસાહતીઓ પણ વાતાવરણમાં ઠંડક થાય તે માટે વરસાદ ઈચ્છી રહ્યા છે.

# રાજય સરકાર લોકોના આક્રોશને ઠંડો પાડવા 'સેવા સેતુ' પુનઃ શરુ કરશે

ગાંધીનગર, તા.૧

રાજયમાં વધુ એક વખત સેવા સેતુના કાર્યક્રમોનું જિલ્લા કક્ષાએ તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકા કક્ષાએ આયોજન કરવા માટે સરકારે ગંભીરતાથી વિચારણા હાથ ધરી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર બુધવારની કેબિનેટ બેઠકમાં આ અંગેનો મહત્વનો નિર્ણય લેવાઈ જશે અને આગામી માસથી આ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે તેવી શકયતાઓ છે.

સામાન્ય વહીવટ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે સેવાસેતુ કાર્યક્રમનો વ્યાપ વધારવામાં આવશે અને તેમાં કેટલીક બીજી સેવાઓ ઉમેરવામાં આવશે. આ માટે હજુ વિચારણા ચાલી રહી છે. આ અંગે જિલ્લાના અધિકારીઓ સાથે પણ બેઠક કરવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે સેવા સેતુ અને લોકસેવાના કાર્યક્રમો થકી પ્રજાકીય પ્રશ્નોના ઉકેલની દિશામાં મહત્વની કામગીરી થતી હોય છે એટલું જ નહિ આને કારણે વિવિધ કચેરીઓના ધક્કા પણ મુલાકાતીઓના બંધ થઈ જતા હોય છે.

સરકાર દ્વારા આ સેવાસેતુના કાર્યક્રમો જિલ્લામાં કલસ્ટર કક્ષાએ તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં વોર્ડ વાઈઝ કરવા માટે વિચારણા ચાલી રહેલ છે. આ કાર્યક્રમને બે તબક્કામાં કરવો કે પછી એક તબક્કામાં તે અંગે પણ નિર્ણય લેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.


### પુનઃ જાહેર ખબર

ગાંધીનગર જિલ્લામાં આવેલી સચિવાલય સહિતની રાજય સરકારની (સરકારી મધ્યસ્થ પ્રેસ સહિત) તમામ કચેરીઓમાંથી નીકળતી ૨૦૧૮-૧૯ના વર્ષની 'ડ' વર્ગની પસ્તી ઉપાડવા માટે કોન્ટ્રાક્ટ આપવાનો થતો હોઈ આ ઈજારો રાખવા ઈચ્છા ધરાવતી સ્થાનિક મહિલા સંસ્થાઓ / સખી મંડળો તરફથી તા. ૧૫/૬/૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરી ખાતે અરજીઓ મળી રહે તે રીતે રજી.પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવેલ હતી.

જે સંદર્ભે અત્રેની કચેરી ખાતે રજુ થયેલ સંસ્થાઓની અરજીઓ પૈકી અમુક સંસ્થા સરકારશ્રીની જોગવાઈ અનુસાર પાત્રતા ધરાવતી ન હોઈ, આ કામગીરી સોંપવા સંસ્થા નક્કી કરવાનું શક્ય જણાતું ન હોવાથી આ જાહેર ખબર દ્વારા આ કામગીરી માટે પુનઃ અરજી મંગાવવામાં આવે છે. આ અગાઉની જાહેર ખબર સંદર્ભે અરજી રજુ કરેલ તમામ સંસ્થાઓએ પુનઃ અરજી કરવાની રહેતી નથી.

અરજીનો નમુનો અત્રેની કચેરીની વહીવટ-૧ શાખામાંથી તા. ૬/૮/૨૦૧૮ થી ૧૦/૮/૨૦૧૮ દરમિયાન કામકાજના દિવસોએ સવારે ૧૧-૦૦ કલાકથી બપોરે ૨-૦૦ કલાક દરમિયાન મળી શકશે. તેમજડ સંપૂર્ણ ભરેલ અરજીપત્રક જરૂરી આધાર પુરાવા સાથે કામકાજના દિવસો દરમિયાન મોડામાં મોડા તા. ૨૪/૮/૨૦૧૮ના રોજ ૧૭-૦૦ કલાક સુધીમાં જનસંપર્ક અધિકારીશ્રી, જિલ્લા કલેક્ટર કચેરી, ગાંધીનગરને રજી.પો.એ.ડી.થી મળે તે રીતે રજૂ કરવાનું રહેશે. સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. મળેલ તમામ અરજીઓની ચકાસણી કર્યા બાદ ઈજારો આપવા અંગેનો નિર્ણય કરવામાં આવશે.

**રવાના કરવા પ્રમાણિત કર્યું**
**સહી/-**
**(આઈ.જે. ઝાલા)**
**જનસંપર્ક અધિકારી**
**ગાંધીનગર**

**સહી/-**
**(એસ. કે. લાંગા)**
**કલેક્ટર, ગાંધીનગર**

તારીખ : ૧-૮-૨૦૧૮
સ્થળ : ગાંધીનગર

માહિતી/૧૧૫૫/૧૮-૧૯